રાજ્યના કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર માટે બાંધવામાં આવતાં રહેણાંકના મકાનોના બાંધકામના કારપેટ એરીયામાં વધારો કરવા બાબત.

ઠરાવ ક્રમાંકઃ પીએચસી-૧૦૨૦૧૮-૨૨૬-લ
ગુજરાત સરકાર, ગૃહ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૦૫/૦૨/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

(૧) માર્ગ અને મકાન વિભાગનો તા.૧૨/૧૦/૧૯૯૮નો ઠરાવ ક્રઃએસીડી-૧૧૯૮-૧૧૭૦-(૩૧)ન૧
(૨) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડ,ગાંધીનગરના તા.૨૬/૦૨/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ- ગુપોહા/ટેક/એમડી/સ્થપતિ/૧૦૫/૧૦૮૮/૨૦૧૮.

**પ્રસ્તાવનાઃ-**

રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સુપેરે જાળવણી થઇ શકે અને આ કામગીરી માટે પ્રજાની સાથે સીધા સંકળાયેલ રાજ્યના પોલીસ ખાતાના પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર કે જેઓની કામગીરી પ્રમાણમાં વધુ દબાણવાળી તેમજ તેમનો કામકાજનો સમય (વર્કીંગ અવર્સ) પણ અનિયમિત હોઈ કે જેમાં ઘણી વખત તેઓએ રાત્રે પણ ફરજ બજાવવાની રહેતી હોઇ આ પોલીસ કર્મચારીઓને વધુ સુવિધાપૂર્ણ આવાસોની જરૂરિયાત જણાતી હતી. હાલમાં પોલીસ કોન્સ્ટેબલ તથા હેડ કોન્સ્ટેબલને ૪૧.૮૫ ચો.મી અને પોલીસ સબ ઇન્સ્પેકટરને ૫૫.૪૬ ચો.મી કારપેટ એરીયાના સરકારી આવાસ ફાળવવામાં આવી રહેલ છે. આ કારપેટ એરીયા થોડા પ્રમાણમાં વધારવામાં આવે તો પોલીસદળના કર્મચારીઓને વધુ સારી સુવિધા મળતાં તેમના અને તેમના પરિવારજનોની સુખાકારી વધારી શકાય. આ બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

સંદર્ભ-૧ સામે દર્શાવેલ માર્ગ અને મકાન વિભાગના ઠરાવથી રાજ્યના સરકારી કર્મચારી/અધિકારીઓને સરકારી વસાહતની કક્ષા નિયત કરવામાં આવી છે, જેને અનુલક્ષીને પોલીસ દળના આ કર્મચારીઓને મુલ્કી સેવાના સરકારી કર્મચારીઓની સરખામણીમાં વિકટ પડકાર જનક ફરજમાં ખડેપગે ઉપસ્થિત રહેવાનું હોઇ તેમને તથા તેમના પરિવારજનોને સવલતયુકત સરકારી રહેઠાણ મળે તે ઉદેશથી પુખ્ત વિચારણાને અંતે હવે પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલને ૪૧.૮૫ ચો.મી.ના બદલે ૫૦ થી ૫૫ ચો.મી અને પોલીસ સબ ઇન્સ્પેકટરને ૫૫.૪૬ ચો.મી.ના બદલે ૬૦ થી ૬૫ ચો.મી. કારપેટ એરીયા ધરાવતાં આવાસો ફાળવવાનું આથી ઠરાવવામાં આવે છે.

(પાછળ)

આ હુકમનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.આ હુકમ જે આવાસોના બાંધકામનું કામ મંજૂર થયેલ હોય અને બાંધકામ શરૂ થઇ ગયેલ હોય તેને લાગુ પડશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.ડી.સુથાર )
સંયુક્ત સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ :

- મા.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
- મા.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,ગાંધીનગર.
- સઘળા મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય.
- સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર.
- સચિવશ્રી, તકેદારી પંચ, ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત વડી અદાલત, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પે અને એકાઉન્ટ ઓફીસરશ્રી, અમદાવાદ.
- સચિવાલયના દરેક વિભાગો, સચિવશ્રીઓ
- વિભાગ હેઠળના ખાતાના વડાઓ.
- સરકારશ્રીના મુખ્ય સ્થપતિશ્રી, અમદાવાદ.
- નિવાસન નિયામકશ્રી, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ
- બધા જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- વિભાગની સર્વે શાખા
- સિલેકટ ફાઇલ